MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

# ભારતીય બૌદ્ધ ધર્મ અને તેનો વૈશ્વિક પ્રભાવ

**PARMAR PARESH GIGABHAI**
Research scholar
Saurashtra University, Rajkot

## સારાંશ

ભારતમાં બૌદ્ધ ધર્મનો ઉદ્ભવ ઈ.સ. પૂર્વની છઠી સદીમાં ગૌતમ બુદ્ધના ઉપદેશોથી થયો. સમાનતા, અહિંસા, કરુણા અને મધ્યમ માર્ગના સિદ્ધાંતોને કેન્દ્રમાં ધરાવતો આ ધર્મ માત્ર ભારતીય સમાજ અને સંસ્કૃતિ સુધી સીમિત રહ્યો નહોતો, પરંતુ અશોક મહાનના પ્રયત્નો, ભિક્ષુઓની ધર્મયાત્રાઓ અને વ્યાપારિક માર્ગોના પ્રભાવથી એશિયાના વિવિધ પ્રદેશોમાં વ્યાપ્યો. દક્ષિણપૂર્વ એશિયા, ચીન, કોરિયા, જાપાન અને તિબેટ સુધી બુદ્ધધર્મે ધાર્મિક-સાંસ્કૃતિક તથા કળાત્મક પરંપરાઓને ઘડી છે. આધુનિક યુગમાં પણ બુદ્ધધર્મ ભારત અને વિશ્વના અનેક દેશોમાં પ્રસરેલો છે . આ સંશોધનપત્ર બુદ્ધધર્મના ઐતિહાસિક વિકાસ, તેના આંતરરાષ્ટ્રીય પ્રસાર અને વિશ્વ પર પડેલા સામાજિક-સાંસ્કૃતિક પ્રભાવનું વિશ્લેષણ કરે છે.

**Keywords:** *ભારતીય બુદ્ધધર્મ, વૈશ્વિક પ્રભાવ, અશોક, બૌધ શિક્ષા , દક્ષિણપૂર્વ એશિયા*

## પરિચય

ભારતના ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરામાં બૌદ્ધ ધર્મનું સ્થાન અત્યંત વિશિષ્ટ રહ્યું છે. ગૌતમ બુદ્ધ (ઈ.સ.પૂર્વ 563–483) દ્વારા સ્થાપિત કરેલ આ ધર્મે માત્ર આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડ્યું નહોતું, પરંતુ ભારતીય સમાજને સમાનતા, અહિંસા, કરુણા અને મધ્યમ માર્ગ જેવા મૂલ્યો દ્વારા નવી દિશા તરફ દોર્યા . વૈદિક યજ્ઞપ્રધાન પરંપરા અને વર્ણવ્યવસ્થાના તણાવ વચ્ચે બુદ્ધધર્મે સામાન્ય જનજીવન માટે સુલભ અને વ્યવહારુ માર્ગ રજૂ કર્યો. ઈ.સ.પૂર્વ ત્રીજી સદીમાં સમ્રાટ અશોકના પ્રયાસોથી બૌદ્ધ ધર્મનો પ્રસાર વૈશ્વિક સ્તરે શક્ય બન્યો. અશોકે પોતાના શિલાલેખો અને ધર્મયાત્રાઓ દ્વારા ધર્મના સિદ્ધાંતોને સમાજમાં પ્રસ્થાપિત કર્યા તેમજ શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ અને મધ્ય એશિયા સુધી ધર્મદૂતોને મોકલ્યા. ત્યારબાદ નાલંદા, વિક્રમશીલા, તક્ષશિલા જેવા મહાવિહારોએ બૌદ્ધ ધર્મને જ્ઞાન અને સંશોધનના કેન્દ્ર તરીકે સ્થાપિત કર્યા, જેનાથી ચીન, કોરિયા અને જાપાન જેવા દેશોના હજારો ભિક્ષુઓ અભ્યાસ કરવા સમયે-સમયે આવતા રહ્યા. બુદ્ધધર્મે કળા અને સ્થાપત્ય પર પણ ગહન પ્રભાવ પાડ્યો. બારાબર ગુફાઓ, અજન્તા-એલોરાની ભીંતચિત્રો , ગંધાર અને મથુરાની પ્રતિમાશિલ્પ પરંપરાઓ આનો જીવંત પુરાવો છે. વેપારમાર્ગો, ખાસ કરીને "સિલ્ક રૂટ" બૌદ્ધ ધર્મના આંતરરાષ્ટ્રીય પ્રસાર માટે પુલ તરીકે સાબિત થયા. આધુનિક સમયમાં, ભારત બૌદ્ધ

ધર્મને વૈશ્વિક રાજદ્વારીનું મહત્વપૂર્ણ સાધન માને છે. બોધગયા, સારનાથ અને કુશીનગર જેવા પવિત્ર તીર્થસ્થળો આંતરરાષ્ટ્રીય યાત્રાળુઓને આકર્ષે છે. સંયુક્ત રાષ્ટ્રે "વૈશાક દિવસ "ને આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે માન્યતા આપીને બુદ્ધધર્મના વૈશ્વિક મૂલ્યો – શાંતિ, અહિંસા અને સહઅસ્તિત્વને સ્વીકાર્યા છે. આથી, ભારતીય બુદ્ધધર્મ માત્ર એક ધાર્મિક ચળવળ નથી, પરંતુ એક એવી વૈશ્વિક સાંસ્કૃતિક શક્તિ છે, જેણે પ્રાચીનથી આધુનિક કાળ સુધી માનવ સમાજને દિશા, મૂલ્યો અને સહઅસ્તિત્વનો સંદેશ આપ્યો છે.

**બૌદ્ધ ધર્મનો ઉદ્ભવ અને ભારતના સમાજમાં તેનો પ્રભાવ**

ગૌતમ બુદ્ધનો જન્મ ઈ.સ.પૂર્વ 563માં લુંબિની (આજના નેપાળમાં) થયો. તેમનું મૂળ નામ સિદ્ધાર્થ ગૌતમ હતું. વૈભવશાળી શાક્યકુલમાં જન્મેલા હોવા છતાં તેમણે માનવ જીવનના દુઃખ-કષ્ટોને અનુભવી સંસારી જીવનનો ત્યાગ કર્યો. બોધગયામાં બોધિ વૃક્ષ નીચે તેમને જ્ઞાન પ્રાપ્ત થયું અને તેઓ "બુદ્ધ" તરીકે પ્રખ્યાત બન્યા. બુદ્ધના ઉપદેશો મૂળરૂપે વ્યવહારુ અને સર્વસામાન્ય માટે સુલભ હતા. તેમણે ચાર આર્યસત્ય (દુઃખ, દુઃખનું કારણ, દુઃખનિર્વાણ અને દુઃખનિર્વાણ માર્ગ) તથા અષ્ટાંગિક માર્ગનું પ્રતિપાદન કર્યું. બૌદ્ધ ધર્મે દેવ-પૂજા, યજ્ઞ, અંધશ્રદ્ધા અને વર્ણવ્યવસ્થા સામે એક નવો માર્ગ રજૂ કર્યો. ભારતમાં બૌદ્ધ ધર્મ માત્ર ધાર્મિક આંદોલન નહોતું, પરંતુ સામાજિક, રાજકીય, આર્થિક અને કળા ક્ષેત્રે ઊંડો પ્રભાવ પાડી ગયું હતું. બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો અને જીવનમૂલ્યો ભારતીય સમાજના અનેક પાસાંઓને આકાર આપતા રહ્યા.

**૧. સામાજિક પ્રભાવ**

બૌદ્ધ ધર્મે સમાનતા અને અહિંસાના સિદ્ધાંતો પર ભાર મૂક્યો. તે સમયે ચાલતી વર્ણવ્યવસ્થા અને બ્રાહ્મણવાદી પ્રથાઓને બુદ્ધધર્મે પડકાર્યો. બુદ્ધે સ્પષ્ટપણે કહ્યું કે વ્યક્તિનો મહિમા જન્મથી નહીં, પરંતુ કર્મ અને નૈતિક જીવનથી માપવો જોઈએ. આ વિચાર લોકસમાજમાં ખૂબ પ્રચલિત બન્યો અને શોષિત વર્ગોમાં નવો આત્મવિશ્વાસ જન્મ્યો. સાથે સાથે, સ્ત્રીઓને પણ બૌદ્ધ ભિક્ષુણી તરીકે ધાર્મિક જીવન જીવવાની મંજૂરી મળી, જે સ્ત્રી-સમાજ માટે પ્રગતિશીલ પગલું હતું.

**૨. રાજકીય પ્રભાવ**

અશોક મહાન બૌદ્ધ ધર્મના સૌથી મહત્ત્વના રાજકીય પોષક ગણાય છે. કલિંગ યુદ્ધ પછી તેમણે અહિંસા અને ધર્મના માર્ગ પર ચાલવાની પ્રતિજ્ઞા લીધી અને સમગ્ર સામ્રાજ્યમાં ધર્મલિપિઓ સ્થાપી. આ ધર્મલિપિઓમાં નૈતિકતા, કરુણા, પ્રજાહિત, પ્રાણીહિંસા નિવારણ જેવા સંદેશો આપવામાં આવ્યા હતા. અશોકના આ પ્રયત્નો ભારતના ઇતિહાસમાં એક અનોખી રાજકીય સંસ્કૃતિના નિર્માણ તરીકે ગણાય છે, જ્યાં શાસન અને નૈતિક મૂલ્યો સાથે જોડાયેલા રહ્યા.

સમ્રાટ કનિષ્ક બૌદ્ધ ધર્મના મહાન આશ્રયદાતા હતા, અને તેમના શાસનકાળ દરમિયાન તેનો નોંધપાત્ર વિકાસ થયો. તેમણે મધ્ય એશિયા અને ચીનમાં બૌદ્ધ ધર્મ ફેલાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી અને કાશ્મીરમાં ચોથી બૌદ્ધ પરિષદનું આયોજન કર્યું, જેણે બૌદ્ધ સિદ્ધાંતોને ગોઠવવામાં મદદ કરી.

રાજા હર્ષવર્ધન મૂળ શૈવ હતા, પરંતુ પાછળથી, ચીની પ્રવાસી હ્યુએન ત્સાંગના પ્રભાવ હેઠળ, તેમણે મહાયાન બૌદ્ધ ધર્મ અપનાવ્યો અને બૌદ્ધ ધર્મના આશ્રયદાતા બન્યા. બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે, તેમણે કન્નૌજ ખાતે એક ભવ્ય બૌદ્ધ સભાનું આયોજન કર્યું, જેનું અધ્યક્ષપદ પોતે હ્યુએન ત્સાંગ પોતે કર્યું. વધુમાં, તેમણે પ્રયાગ ખાતે દર પાંચ વર્ષે યોજાતી મહામોક્ષ પરિષદમાં ભાગ લીધો અને તેમની પાસે જે કંઈ હતું તે બધું દાન કર્યું.

પાલ રાજવંશે 8મી થી 12મી સદી સુધી ભારતના પૂર્વીય પ્રદેશો (મુખ્યત્વે બંગાળ અને બિહાર) પર શાસન કર્યું હતું અને તેઓ બૌદ્ધ ધર્મના મુખ્ય સમર્થક હતા, ખાસ કરીને મહાયાન અને વજ્રયાન શાળાઓ. તેમના શાસનકાળમાં બૌદ્ધ ધર્મનું પુનરુત્થાન થયું, જેમાં શિક્ષણ, કલા અને સ્થાપત્યમાં નોંધપાત્ર યોગદાન આપવામાં આવ્યું. ધર્મપાલ અને દેવપાલ જેવા પાલ શાસકો બૌદ્ધ ધર્મના પ્રખર અનુયાયીઓ હતા. તેઓએ બૌદ્ધ મઠો, મંદિરો અને શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને જાળવણીમાં ઉદારતાથી ટેકો આપ્યો. ભારતમાં બૌદ્ધ ધર્મનો પતન પાલ રાજવંશના પતન સાથે શરૂ થયો.

આમ, અશોકથી લઈને પાલ રાજાઓ સુધીના શાસકો બૌદ્ધ ધર્મના મહાન પોષક રહ્યા. તેમના પ્રયત્નોથી બૌદ્ધ ધર્મને રાજકીય, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં વિશાળ પ્રોત્સાહન મળ્યું. તેમણે ધર્મ, કરુણા અને નૈતિક મૂલ્યોને રાજ્યની નીતિમાં સ્થાન આપીને ભારતીય ઇતિહાસમાં અમર યોગદાન આપ્યું.

### 3. આર્થિક પ્રભાવ

બુદ્ધધર્મના પ્રસાર માટે વેપારીઓએ મહત્વની ભૂમિકા ભજવી. વેપારી વર્ગે બૌદ્ધ સંસ્થાઓને દાન આપીને મહાવિહારાઓ, સ્તૂપો અને ગુફાઓનું નિર્માણ કરાવ્યું. "સિલ્ક રૂટ" પર મુસાફરી કરનારા વેપારીઓ બુદ્ધધર્મના વિચારોને મધ્ય એશિયા, ચીન અને બીજા દેશો સુધી લઈ ગયા. આ રીતે બુદ્ધધર્મ આર્થિક પ્રવૃત્તિઓ સાથે ગાઢ રીતે જોડાયો હતો અને વેપાર માર્ગો ધર્મપ્રસારના માધ્યમ બન્યા.

### ૪. કળા અને સ્થાપત્ય પર પ્રભાવ

ભારતીય કળા ક્ષેત્રે બુદ્ધધર્મે અનોખો યોગદાન આપ્યું. સાંચી, અમરાવતી, ભરહુતના સ્તૂપો, અજંતા-એલોરાની ગુફાઓ, તેમજ ગાંધાર અને માથુરા શૈલીની મૂર્તિકલા બુદ્ધધર્મની પ્રેરણાથી વિકસેલી. ગાંધાર શૈલીમાં યવન પ્રભાવ

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

સાથે બુદ્ધની મૂર્તિઓનું નિર્માણ થયું, જ્યારે મથુરા શૈલી વધુ ભારતીય પરંપરામાં બંધાયેલી હતી. આ કળાકૃતિઓએ માત્ર ભારતીય જ નહીં, પણ વિદેશી કળાશૈલીઓને પણ પ્રભાવિત કર્યા.

**૫. શિક્ષણ**

બુદ્ધધર્મે શિક્ષણક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન આપ્યું. નાલંદા, વિક્રમશીલા, ઓદંતપુરી જેવા મહાવિહારાઓ વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બન્યા. અહીં ભારત સહિત ચીન, કોરિયા, જાપાન, તિબેટ અને દક્ષિણપૂર્વ એશિયાના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતા. વિષયોમાં માત્ર ધર્મશાસ્ત્ર જ નહીં, પરંતુ તર્કશાસ્ત્ર, વ્યાકરણ, ચિકિત્સા, ખગોળશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન જેવા વિષયોનો પણ સમાવેશ થતો. આ કારણે ભારત "વિશ્વગુરુ" તરીકે ઓળખાતું.

**ભારતીય શાસકો અને બૌદ્ધ ધર્મનો વૈશ્વિક પ્રસાર**

મૌર્ય સમ્રાટ અશોક (ઈ.સ.પૂર્વ 273–232) બૌદ્ધ ધર્મના ઈતિહાસમાં કેન્દ્રસ્થાન ધરાવે છે. કલિંગ યુદ્ધ બાદ થયેલા માનવહત્યા અને વિનાશને જોઈ અશોકના હૃદયમાં પરિવર્તન આવ્યું અને તેમણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. તેમણે રાજ્યવ્યવસ્થા માટે "ધર્મ"ને આચારસંહિતા રૂપે પ્રસ્થાપિત કરી. અશોકે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે અનેક પગલાં લીધાં. તેમના શિલાલેખો અને સ્તંભલેખોમાં અહિંસા, કરુણા, સહિષ્ણુતા અને પ્રજાહિતની ભાવનાઓ પ્રતિબિંબિત થાય છે. તેમણે પ્રજાજનોને માત્ર ધાર્મિક ઉપદેશ આપ્યા જ નહીં, પરંતુ દૈનિક જીવનમાં નૈતિક મૂલ્યો અપનાવવા પ્રોત્સાહન આપ્યું. વૈશ્વિક પ્રસારની દિશામાં અશોકનો યોગદાન સર્વોપરી છે. તેમણે પોતાના ધર્મદૂતોને દક્ષિણ ભારત, શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ તથા મધ્ય એશિયા સુધી મોકલ્યા. અશોકના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાએ શ્રીલંકામાં બૌદ્ધ ધર્મની મજબૂત પાયાની સ્થાપના કરી. પરિણામે શ્રીલંકામાં થેરવાદ પરંપરાનો વિકાસ થયો. સાથે જ, વેપારમાર્ગો દ્વારા બૌદ્ધ ધર્મ મધ્ય એશિયા, અફઘાનિસ્તાન, ચીન તથા આગળ જાપાન સુધી ફેલાયો. ખાસ કરીને "સિલ્ક રૂટ" બૌદ્ધ ધર્મના આંતરરાષ્ટ્રીય પ્રસાર માટે એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બન્યો. ચીનમાં બૌદ્ધ ગ્રંથોને ચીની ભાષામાં રૂપાંતરિત કર્યા, જેના કારણે તે લોકપ્રિય બન્યો. જાપાન, કોરિયા અને તિબેટમાં બૌદ્ધ ધર્મ માત્ર ધાર્મિક પ્રથા નહીં, પરંતુ સાંસ્કૃતિક અને રાજકીય ઓળખનો આધારસ્તંભ બન્યો.આ રીતે, અશોકના પ્રેરણાદાયી પ્રયત્નો તથા વ્યાપક ધર્મપ્રચારને કારણે બૌદ્ધ ધર્મ ભારતની સીમાઓ બહાર જઈ વૈશ્વિક ધર્મ બની શક્યો.

કુશાણ વંશનો સૌથી યોગ્ય શાસક કનિષ્ક ઈ.સ. 2મી સદીમાં ઉત્તરભારતમાં તેમનું શાસન હતું.કનિષ્કને "દ્વિતીય અશોક" કહેવામાં આવે છે.તેણે કાશ્મીરના કુણાલામાં ચોથી બૌદ્ધ સંગતિ બોલાવી.તેની રાજધાની પુરૂષપુર (આજનું પેશાવર) બૌદ્ધ ધર્મ અને ગંધાર કળાનું મુખ્ય કેન્દ્ર બની. તેની કાળમાં ગાંધીર કળાનો વિકાસ થયો, જેમાં બૌદ્ધ મૂર્તિઓને પ્રથમ વખત માનવી સ્વરૂપમાં દર્શાવવામાં આવી.

ગુપ્ત વંશમાં ચંદ્રગુપ્ત દ્વિતીય, કુમારગુપ્ત અને સ્કંદગુપ્તના સમયમાં બૌદ્ધધર્મનો પ્રચાર થયો. ચંદ્રગુપ્ત દ્વિતીયના સમયમાં ફા-હિયાન ભારતની યાત્રા કરી હતી. તેણે પાટલિપુત્ર, કન્નૌજ, કાશી, બોધગયા, શ્રાવસ્તી, કપિલવસ્તુ, અને મથુરા સહિત અનેક બૌદ્ધ કેન્દ્રોની મુલાકાત લીધી. ગુપ્ત યુગમાં હિંદુ ધર્મનો પ્રભાવ વધારે હતો, પરંતુ બૌદ્ધ ધર્મને પણ રાજકીય પ્રોત્સાહન મળતું રહ્યું. નાલંદા મહાવિહારનું સ્થાપન કુમારગુપ્તે કર્યું, જે પછી વિશ્વવિખ્યાત શિક્ષણ કેન્દ્ર બન્યું. ઈ.સ. 7મી સદીમાં હર્ષવર્ધનએ બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો હતો. હર્ષવર્ધન કે જે કનૌજનો શાસક હતો તે બૌદ્ધધર્મનો મોટો આશ્રયદાતા હતો. ચીની યાત્રિક હ્યુએનસાંગ તેના સમયમાં ભારતમાં આવ્યો હતો. હર્ષે કન્નૌજ અને પ્રયાગમાં મહાસંમેલનો બોલાવી બૌદ્ધ ધર્મના પ્રસારને પ્રોત્સાહન આપ્યું.

ઈ.સ. 8મી થી 12મી સદી સુધી પાલ વંશ ઉત્તર પૂર્વ ભારતમાં શાસન કર્યું .બંગાળના પાલ રાજાઓ ધર્મપાલ અને દેવપાલ એ મહાયાન બૌદ્ધધર્મને રાજધર્મ સમાન માન્યો. તેમણે વિકમશીલા, ઓદંતપુરી અને નાલંદા જેવા મહાવિહારાઓને આશ્રય આપ્યો. તેમના સમયમાં ભારતમાંથી બૌદ્ધ ભિક્ષુઓ તિબેટ, નેપાળ અને દક્ષિણપૂર્વ એશિયામાં ગયા. શ્રીલંકાના દેવાનંપિય તિસ્સાએ અશોકના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાના માર્ગદર્શન હેઠળ બૌદ્ધધર્મ અપનાવ્યો. મ્યાનમાર, થાઇલેન્ડ, લાઓસ અને કમ્બોડિયાના શાસકો થેરવાદ પરંપરાના પ્રોત્સાહક બન્યા.

## બૌદ્ધધર્મનો આંતરરાષ્ટ્રીય પ્રસાર

ભારતીય બૌદ્ધ ધર્મનો વૈશ્વિક પ્રસાર માત્ર રાજકીય પોષણ કે ધાર્મિક મિશનરી પ્રવૃત્તિઓથી જ નહીં, પરંતુ વેપાર, સ્થળાંતર અને સાંસ્કૃતિક આપલે દ્વારા પણ થયો. વેપાર માર્ગો એ બૌદ્ધ ધર્મને ભારતમાંથી એશિયાના અનેક ખૂણાઓ સુધી પહોંચાડવામાં સેતુરૂપ બન્યા. પ્રાચીન ભારત ચીન, મધ્ય એશિયા અને યુરોપ સાથે સિલ્ક રૂટ દ્વારા જોડાયેલું હતું. આ માર્ગો પર ભારતીય વેપારીઓ સાથે ભિક્ષુઓ પણ મુસાફરી કરતા. વેપારીઓ પોતાના વેપાર સાથે સાથે બૌદ્ધ શિલ્પો, મૂર્તિઓ અને પોથીઓ લઈ જતા, જેના કારણે ચીન, તુર્કિસ્તાન અને મધ્ય એશિયામાં બૌદ્ધ ધર્મના કેન્દ્રો ઉભા થયા. ચીનના યાત્રીઓ ફા-હિયાન (Fa-Hien), હ્યુએન-સાંગ (Hsuan-Tsang) અને ઈ-જિંગ (I-Tsing) એ પોતાના પ્રવાસ વર્ણનોમાં ભારતના બૌદ્ધ મહાવિહારાઓ, શિક્ષણ વ્યવસ્થા અને સમાજ પર પ્રકાશ પાડ્યો.

ભારતનું દક્ષિણપૂર્વ એશિયા સાથેનું દરિયાઈ જોડાણ ખૂબ જ મજબૂત હતું. ભારતના દરિયા કાંઠાવાળા વેપારીઓ શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, ઈન્ડોનેશિયા અને કંબોડિયા સુધી પોતાના વેપાર માટે જતાં અને સાથે બૌદ્ધધર્મના સિદ્ધાંતોનો પ્રસાર કરતા. દક્ષિણપૂર્વ એશિયામાં શ્રિવિજય સામ્રાજ્ય (ઇન્ડોનેશિયા) અને ખ્મેર સામ્રાજ્ય (કંબોડિયા) બૌદ્ધ ધર્મના પ્રભાવ હેઠળ આવ્યા. બોરોબુદૂર (ઇન્ડોનેશિયા) અને અંગ્કોરવાટ (કંબોડિયા) જેવા મહાન મંદિરો આ સાંસ્કૃતિક આપલે સાક્ષી છે.

બૌદ્ધ ધર્મના ભિક્ષુઓ વિદેશી પ્રદેશોમાં જઇને ત્યાંના લોકો સાથે સંવાદ સ્થાપતા. નાલંદા અને વિક્રમશીલામાં અભ્યાસ કરીને પરત જતા વિદેશી વિદ્યાર્થીઓ પોતાના દેશમાં બૌદ્ધ ધર્મનું જ્ઞાન લઈ જતા. આ રીતે ભારતમાંથી થયેલા બૌદ્ધધર્મના ફેલાવા દ્વારા તિબેટ, ચીન, કોરિયા અને જાપાનમાં બૌદ્ધ શિક્ષણની પરંપરા સ્થાપિત થઈ. વેપારીઓએ બૌદ્ધ મઠોને મોટાપાયે દાન આપ્યું. તેઓ ગુફાઓ, સ્તૂપો અને ચૈત્યગૃહોના નિર્માણ માટે આર્થિક મદદ કરતા. અજન્તા અને એલોરાની ગુફાઓ, કર્લી અને ભાજાના ચૈત્યગૃહો વેપારી વર્ગના દાનથી જ ઊભા થયા હતા. આથી સ્પષ્ટ થાય છે કે બૌદ્ધ ધર્મનો પ્રસાર માત્ર ધાર્મિક શક્તિ નહીં, પણ આર્થિક પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલો હતો.

## દક્ષિણપૂર્વ એશિયા અને પૂર્વ એશિયામાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ

ભારતીય બૌદ્ધ ધર્મનો પ્રસાર દક્ષિણપૂર્વ એશિયા અને પૂર્વ એશિયામાં વિશેષ રીતે જોવા મળે છે. અહીં બૌદ્ધ ધર્મ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક જીવનનો આધારસ્તંભ બન્યો.

### ૧. શ્રીલંકા

શ્રીલંકા સૌથી જૂનું સતત બૌદ્ધ ધર્મ પાલન કરનારું દેશ છે. થેરવાદ બૌદ્ધ ધર્મ આ દ્વીપનો મુખ્ય ધર્મ રહ્યો છે, ત્યારથી જ્યારે ઈ.સ.પૂર્વે બીજી સદીમાં ભારતના સમ્રાટ અશોકના પુત્ર મહેન્દ્ર દ્વારા તેને સત્તાવાર રીતે સ્થાપિત કરવામાં આવ્યો હતો.ત્યારબાદ, અશોકની પુત્રી સંઘમિત્રા દ્વારા મૂળ બોધિવૃક્ષની દક્ષિણ શાખા લઈને આવી હતી, જેને અનુરાધાપુરમાં રોપવામાં આવી હતી.તે દિવસથી લઈને આજ સુધી શ્રીલંકાના બૌદ્ધો તે બોધિવૃક્ષની શાખાને અત્યંત શ્રદ્ધાથી નમન કરે છે, જેના છાંયામાં બુદ્ધને જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. શ્રીલંકાના ભિક્ષુઓએ દક્ષિણ-પૂર્વ એશિયામાં થેરવાદ અને મહાયાન બન્નેના પ્રસારામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.શ્રીલંકામાં ઈ.સ.ની પ્રથમ સદીમાં રાજા વટ્ટગામિનીના શાસન દરમિયાન બૌદ્ધ ભિક્ષુઓ આલોક વિહારમાં એકત્ર થયા અને તેમણે ત્રિપિટક(શિક્ષાઓની ત્રણ ટોપલી)જે પ્રથમ વખત પાલી ગ્રંથોના નામે જાણીતી થઈ.શ્રીલંકાની ભિક્ષુણીઓએ જે ઈ.સ. 433માં ચીનમાં ભિક્ષુણીઓના સંઘનો આરંભ કર્યો હતો.

16મી સદીમાં પોર્ટુગીઝોએ શ્રીલંકા પર વિજય મેળવ્યો અને તેમની પાછળ આવેલા ડચ લોકોએ પણ બૌદ્ધ ધર્મ પર બરબર અત્યાચાર કર્યા.19મી સદીની શરૂઆતમાં જ્યારે અંગ્રેજોએ નિયંત્રણ મેળવ્યું, ત્યારે બૌદ્ધ ધર્મ ખૂબ નબળો થઈ ગયો હતો. આ સ્થિતિએ અંગ્રેજ મિશનરીઓને પ્રોત્સાહિત કર્યા, જેઓ દ્વીપ પર ધોધમાર રીતે આવવા લાગ્યા,પરંતુ તમામ અપેક્ષાઓના વિરુદ્ધ, મઠવાસી અને સામાન્ય સમુદાયે ઈ.સ. 1860 પછી એક મોટું પુનરુત્થાન કર્યું, એક એવું આંદોલન જે વધતા રાષ્ટ્રવાદ સાથે ચાલ્યું. ત્યાંથી બૌદ્ધ ધર્મ ફૂલ્યો-ફાલ્યો છે અને શ્રીલંકાના ભિક્ષુઓ તથા વિદેશી બૌદ્ધ લોકોએ એશિયા, પશ્ચિમ અફ્રિકા સુધી થેરવાદ બૌદ્ધ ધર્મના પ્રસારામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.બૌદ્ધ જગતના

કેટલાક અદ્ભુત સ્મારકો શ્રીલંકાથી સંબંધિત છે, અને તેમની મૂર્તિકળા કૃષ્ણા ખીણની પ્રારંભિક કળા તથા પાછળના પલ્લવ અને ચોળ શાસકો સાથે નજીકથી જોડાયેલી છે, કારણ કે દક્ષિણ ભારત અને શ્રીલંકા વચ્ચે ઘનિષ્ઠ સંબંધો હતા.દેશની અંદાજે 70% વસ્તી બૌદ્ધ છે અને બૌદ્ધ ધર્મને રાષ્ટ્રની ઓળખ અને એકતાનો આધાર માનવામાં આવે છે.

**૨. મ્યાનમાર (બર્મા)**

મ્યાનમાર એક બૌદ્ધ બહુલ દેશ છે જ્યાં થેરવાદ બૌદ્ધ ધર્મનું પાલન થાય છે, જે દેશની સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે.આ ભિક્ષુઓના પ્રમાણની દૃષ્ટિએ સૌથી વધુ ધાર્મિક બૌદ્ધ દેશોમાંનું એક છે.અહીંના સ્થાનિક ધર્મો, ખાસ કરીને બૌદ્ધ ધર્મ આત્માઓની પૂજા સાથે ઊંડો સંબંધ ધરાવે છે , અને અહીં શ્વેદગોન પેગોડા જેવા ઘણા પવિત્ર બૌદ્ધ સ્થળો આવેલાં છે.આજે પણ મ્યાનમારના સમાજ અને રાજકારણમાં બુદ્ધ ભિક્ષુઓનો મહત્ત્વનો હિસ્સો છે.

**3. થાઇલેન્ડ**

થાઈલેન્ડનો મુખ્ય ધર્મ થેરવાદ બૌદ્ધ ધર્મ છે, જેનું પાલન 90%થી વધુ વસ્તી કરે છે. બૌદ્ધ ધર્મ થાઈલેન્ડની સંસ્કૃતિ, સમાજ અને રાજશાહી સાથે ઊંડે રીતે જોડાયેલો છે, જ્યાં થાઈ રાજાઓને લાંબા સમય સુધી બૌદ્ધ ધર્મના મુખ્ય સંરક્ષક તરીકે જોવામાં આવતા રહ્યા છે. હિંદુ ધર્મનો પણ થાઈલેન્ડ પર મહત્વપૂર્ણ પ્રભાવ રહ્યો છે, જેમ કે રામકિયન મહાકાવ્યમાં જોઈ શકાય છે, અને થાઈ બૌદ્ધ ધર્મે ચીની ધર્મો સાથે પણ આત્મસાત કર્યું છે.થાઇ સમાજમાં મઠો શિક્ષણ અને સામાજિક સેવા માટે કેન્દ્રસ્થાન બન્યા.

**૪. કમ્બોડિયા**

બૌદ્ધ ધર્મ કંબોડિયાનું રાજકીય ધર્મ છે અને તેની અંદાજે 97% વસ્તી થેરવાદ બૌદ્ધ ધર્મનું પાલન કરે છે. બૌદ્ધ ધર્મ ઓછામાં ઓછું ઈ.સ.ની 5મી સદીથી દેશમાં હાજર છે, જે હિન્દુ વેપારીઓ સાથે ફુનાન સામ્રાજ્યમાં પ્રવેશ્યો હતો.બૌદ્ધ ધર્મ કંબોડિયાની સંસ્કૃતિ અને સામાજિક જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેમાં મંદિરો (વાટ) અને ભિક્ષુ સંઘ ધાર્મિક જીવનના કેન્દ્રમાં છે.અંગ્કોરવાટ મંદિરનું રૂપાંતર હિંદુ મંદિરમાંથી બૌદ્ધ કેન્દ્રમાં થયું. આજ સુધી કમ્બોડિયાના રાજકીય અને સાંસ્કૃતિક જીવનમાં બુદ્ધધર્મનું પ્રભુત્વ છે.

**૫. ઇન્ડોનેશિયા**

ઇન્ડોનેશિયામાં બૌદ્ધ ધર્મનો લાંબો ઇતિહાસ રહ્યો છે અને તે દેશના છ સત્તાવાર રીતે માન્ય ધર્મોમાંથી એક છે, જોકે તેની વસ્તીનો એક નાનો ભાગ જ બૌદ્ધ છે. ઇન્ડોનેશિયાના શ્રિવિજય સામ્રાજ્યમાં મહાયાન બુદ્ધધર્મનો પ્રસાર થયો. અહીંનું બોરોબુદૂર સ્તૂપ વિશ્વના સૌથી મોટા બૌદ્ધ સ્મારકોમાંનું એક છે. તે ભારતમાંથી આવેલા ભિક્ષુઓ અને સ્થાનિક

રાજાઓની સંયુક્ત પરંપરાનો સાક્ષી છે.આજે, ઇન્ડોનેશિયામાં મોટા ભાગના બૌદ્ધો ચાઇનીઝ ઇન્ડોનેશિયન છે, પરંતુ અનેક પરંપરાગત બૌદ્ધ સમુદાયો સાથે સાથે આ યુવા પેઢીમાં પણ આધુનિક સ્વરૂપે લોકપ્રિય છે.

**૬. ચીન**

હ્યુએન-સાંગ અને ઈ-જિંગ જેવા યાત્રીઓએ ભારતની યાત્રા કરી અને ત્યાંથી લીધેલું જ્ઞાન ચીનમાં પ્રસારીત કર્યું. બૌદ્ધ ધર્મ ચીનમાં હાન વંશના સમયમાં રેશમ માર્ગ દ્વારા પહોંચ્યો હતો અને સમય જતાં ચીની સંસ્કૃતિ, દર્શન (ખાસ કરીને તાઓવાદ અને કન્ફ્યૂશિયનવાદ) અને લોકધર્મો સાથે મિશ્રાઈને ચીની બૌદ્ધ ધર્મ તરીકે વિકસ્યો, જે મહાયાન શાખાનું ચીની સ્વરૂપ છે. આજે ચીનમાં બૌદ્ધ ધર્મ સત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત સૌથી મોટા ધર્મોમાંનું એક છે, જેમાં લાખો અનુયાયીઓ છે અને ચીની બૌદ્ધ ધર્મે કોરિયા, જાપાન અને વિયેતનામ જેવા પ્રદેશોમાં બૌદ્ધ ધર્મના પ્રસારામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

**૭. કોરિયા અને જાપાન**

બૌદ્ધ ધર્મ ચીનમાંથી કોરિયન અને પાછી છઠ્ઠી સદીમાં જાપાન પહોંચ્યો.કોરિયન પ્રભાવ જાપાનમાં આઠમી સદી સુધી ચાલુ રહ્યો, જેના કારણે બૌદ્ધ કલા અને વિચારનો વિકાસ થયો, જોકે પછી જાપાની ભિક્ષુઓએ સ્વતંત્ર અભ્યાસ શરૂ કર્યો. જાપાનમાં ઝેન બૌદ્ધ ધર્મ, શુદ્ધ ભૂમિ બૌદ્ધ ધર્મ અને નિતિરેને બૌદ્ધ ધર્મ જેવા ઘણા અલગ-અલગ સંપ્રદાયો છે, અને બૌદ્ધ મંદિરોનો ઉપયોગ શાંતિ અને જ્ઞાનના સ્થળો તરીકે થાય છે.જાપાનમાં બુદ્ધધર્મે ચા વિધિ, ચિત્રકળા, બગીચાની રચના અને યોદ્ધા સંસ્કૃતિ (સમુરાઈ) પર પણ પ્રભાવ પાડ્યો.

**૮. તિબેટ**

બૌદ્ધ ધર્મ 7મી–8મી સદીમાં તિબેટ પહોંચ્યો અને ત્યાંના બોન ધર્મ અને ભારતીય બૌદ્ધ ધર્મ સાથે મિશ્રાઈને તિબેટી બૌદ્ધ ધર્મનો વિકાસ થયો, જે મહાયાન અને વજ્રયાન પરંપરાઓ પર આધારિત છે અને લામાવાદ તરીકે પણ ઓળખાય છે. તિબેટી બૌદ્ધ ધર્મમાં બોધિસત્વનો લક્ષ્ય તમામ જીવાત્માઓને જ્ઞાનપ્રાપ્તિ સુધી પહોંચવામાં મદદ કરવાનો છે.14મા દલાઈ લામા તિબેટના નિર્વાસિત આધ્યાત્મિક અને રાજકીય નેતા છે, જે તિબેટી બૌદ્ધ ધર્મનું સૌથી પ્રખ્યાત વ્યક્તિ છે.

**આધુનિક યુગમાં બુદ્ધધર્મનો વૈશ્વિક પ્રભાવ**

બૌદ્ધધર્મ માત્ર એક ધાર્મિક પ્રથા સુધી સીમિત નથી, પરંતુ વૈશ્વિક માનવતાવાદી મૂલ્યોનું પ્રતિક છે. તેની અહિંસા, કરુણા, સમાનતા, મધ્યમ માર્ગ, સહઅસ્તિત્વ અને ધૈર્ય જે આજના વૈશ્વિક પરિસ્થિતિમાં પણ અત્યંત મહત્વપૂર્ણ છે. આધુનિક સમાજમાં તેનો ખુબજ પ્રભાવ જોવા મળે છે. ૨૦મી સદી દરમિયાન ડૉ. ભીમરાવ આંબેડકરે બૌદ્ધધર્મ

સ્વીકારીને ભારતમાં સામાજિક ન્યાયની નવી દિશા આપી. પશ્ચિમી દેશોમાં "ઝેન બુદ્ધિઝમ" અને "માઈન્ડફુલનેસ" પ્રથાઓ લોકપ્રિય બની, જેનાથી માનસિક આરોગ્ય, તણાવમાં ઘટાડો અને શાંતિ સ્થાપનામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું. બુદ્ધધર્મે આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ આંદોલનો, પર્યાવરણ જાગૃતિ અને માનવાધિકારો માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું.

ભારત સરકારે "બુદ્ધ પરંપરા"ને પોતાની સાંસ્કૃતિક રાજદ્વારીનો અગત્યનો આધાર બનાવ્યો છે. બોધગયા, સારનાથ અને કુશીનગર જેવા સ્થળો આંતરરાષ્ટ્રીય બૌદ્ધ યાત્રાધામો બની ગયા છે. બુદ્ધ પરંપરાએ ભારતને એશિયાઈ દેશો સાથે સાંસ્કૃતિક રીતે જોડવામાં મહત્વનું સાધન પૂરું પાડ્યું છે.દર વર્ષે હજારો વિદેશી યાત્રાળુઓ અહીં આવે છે. આ યાત્રાળુઓ દ્વારા ભારતને સાંસ્કૃતિક, ધાર્મિક અને આર્થિક લાભ મળે છે. ભારત સરકારે આ સ્થળોના વિકાસ માટે ખાસ યોજનાઓ શરૂ કરી છે, જેમ કે બુદ્ધ સર્કિટ પ્રોજેક્ટ, જે બૌદ્ધ યાત્રાળુઓને વિવિધ પવિત્ર સ્થળો સાથે જોડે છે.

યુનેસ્કોએ અજન્તા-એલોરા ગુફાઓ, નાલંદા યુનિવર્સિટી અવશેષો અને બૌદ્ધ સ્થાનોને વૈશ્વિક વારસા સ્થળો તરીકે માન્યતા આપી છે. સાથે જ, વિશ્વભરમાં બુદ્ધધર્મ "શાંતિ, સહઅસ્તિત્વ અને વૈશ્વિક ભાઈચારો"નો સંદેશ પ્રસારિત કરી રહ્યો છે. ભારત આજે એશિયાના અનેક દેશો સાથેના સંબંધોમાં બુદ્ધધર્મનો પુલ તરીકે ઉપયોગ કરે છે. શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, જાપાન, દક્ષિણ કોરિયા અને વિયેટનામ જેવા દેશો સાથે ભારતના ઐતિહાસિક-સાંસ્કૃતિક સંબંધ બુદ્ધધર્મને કારણે મજબૂત છે.ભારત નિયમિત રીતે આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિષદોનું આયોજન કરે છે અને વિશ્વના બૌદ્ધ ભિક્ષુઓ અને સંશોધકોને આમંત્રણ આપે છે.અંતમાં કહી શકાય કે, બુદ્ધધર્મ આજના વૈશ્વિક સંકટો – હિંસા, પર્યાવરણીય પડકારો અને સામાજિક અસમાનતા – માટે એક માનવતાવાદી ઉકેલ પ્રદાન કરે છે.

## નિષ્કર્ષ

ભારતીય બૌદ્ધ ધર્મનો પ્રારંભ ગૌતમ બુદ્ધના ઉપદેશોથી થયો, પરંતુ તેનો વ્યાપ માત્ર ભારતમાં સીમિત રહ્યો નહોતો. અશોકના પ્રયત્નોથી તે સમગ્ર એશિયામાં પ્રસરી ગયો અને દક્ષિણપૂર્વ એશિયા, ચીન, કોરિયા, જાપાન તથા તિબેટ સુધી તેની ઊંડી છાપ રહી. બૌદ્ધ ધર્મે સમાજમાં સમાનતા, અહિંસા, કરુણા અને મધ્યમ માર્ગના સિદ્ધાંતોને પ્રોત્સાહિત કર્યા. કળા, સ્થાપત્ય, શિક્ષણ અને વેપારમાં તેનો વિશાળ પ્રભાવ જોવા મળે છે. નાલંદા અને વિક્રમશીલા જેવા મહાવિહારાઓએ ભારતને "વિશ્વગુરુ"નો દરજ્જો આપ્યો.

આધુનિક સમયમાં બૌદ્ધ ધર્મ ભારતની "સોફ્ટ પાવર" તરીકે કાર્ય કરે છે, જેના માધ્યમથી ભારત પોતાના ઐતિહાસિક-સાંસ્કૃતિક વારસાને દુનિયા સમક્ષ રજૂ કરે છે. બોધગયા, સારનાથ અને કુશીનગર જેવા તીર્થસ્થળો વૈશ્વિક યાત્રાળુઓને આકર્ષે છે. આથી કહી શકાય કે ભારતીય બૌદ્ધ ધર્મ એક સ્થાનિક ધાર્મિક ચળવળમાંથી વૈશ્વિક આધ્યાત્મિક

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

શક્તિમાં પરિવર્તિત થયો છે. તે આજે પણ વિશ્વને શાંતિ, સહઅસ્તિત્વ અને કરુણાનું સંદેશ આપે છે, જે માનવજાત માટે અતિ આવશ્યક છે.

## સંદર્ભસૂચિ

1. Thapar, Romila. Aśoka and the Decline of the Mauryas. Oxford University Press, 2012.
2. Kishwar, S. "The Rising Role of Buddhism in India's Soft Power Strategy." Observer Research Foundation, 2023.
3. बाशाम, ए. एल. "भारत: वैभव और सांस्कृतिक धरोहर". नई दिल्ली: रूपा पब्लिकेशन, 2004.
4. झा, डी. एन. " प्राचीन भारत का इतिहास", नई दिल्ली: मनीषी पब्लिकेशन, 2009.
5. डॉ.एम. एस.विमल, "बौद्ध दर्शन एवं भारतीय संस्कृति",लता साहित्य सदन,गाजियाबाद, 2017
6. Salguero, C. P. A .Global History of Buddhism and Medicine. New York,Columbia University Press.2022
7. Sagar, K. C. "An Era of Peace: Cultural Impact of India on the Ancient World", New Delhi. 2002
8. सराओ,के.टी.एस, "प्राचीन भारतीय बौद्ध धर्म: उद्‌भव, स्वरूप एवं पतन ",ध कॉर्पोरेट बॉडी ऑफ़ ध बुद्धा एजुकेशनल फाउंडेशन, दिल्ली. 2004

Certificate No.:03062025027

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**PARMAR PARESH GIGABHAI**

In recognition of the publication of the paper entitled

**ભારતીય બૌદ્ધ ધર્મ અને તેનો વૈશ્વિક પ્રભાવ**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**